**તાપમાન**
મહત્તમ : ૨૮.૭ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૯ ટકા
વરસાદ : છેલ્લા ૨૪ કલાક ૨.૫ મી.મી. ● મૌસમ કુલ ૩૦૮ મી.મી

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૫૦ | ૯ ઓગસ્ટ, ૨૦૧૬, મંગળવાર ; શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## રિયો ઓલિમ્પિકમાં દીપાએ નવો જ ઈતિહાસ સર્જી દીધો

રિયોડી જેનેરો, તા. ૮

પ્રથમ વખત જ ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલી જિમ્નાસ્ટ દીપા કરમાકરે વ્યક્તિગત વોલ્ટ ફાઈનલમાં સ્થાન મેળવીને નવો ઈતિહાસ સર્જી દીધો છે. આઠમા સ્થાન પર રહીને ફાઈનલ માટે ક્વાલિફાઈંગ કરનાર દીપા આ કારનામો કરનાર પ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ છે. ઓલિમ્પિક માટે ક્વાલિફાઈંગ કરનાર પ્રથમ મહિલા જિમ્નાસ્ટ ત્રિપુરાની દીપાએ પ્રોડુનોવા વોલ્ટમાં શાનદાર દેખાવ કર્યો હતો. બે પ્રયાસ બાદ ૧૪૮૫૦પોઈન્ટ હાંસલ કરીને સફળતા મેળવી હતી.

# જીએસટી બિલ લોકસભામાં પણ પસાર

**વોટીંગ દરમ્યાન લોકસભામાંથી અન્નાદ્રમુકનો વોકઆઉટ : વોકઆઉટ બાદ કુલ ૪૪૩ સભ્યો હતા : ૧૯૯૧ બાદ સૌથી મોટા આર્થિક સુધારાને મંજુરી**




નવી દિલ્હી, તા.૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે ચર્ચાસ્પદ સુધારવામાં આવેલા જીએસટી બિલ લાંબી ખેંચતાણ બાદ આખરે લોકસભામાંથી પણ પસાર કરી દેવામાં આવ્યું હતું. સંસદમાં જીએસટી બંધારણીય બિલ હવે પસાર થઈ ગયું છે. બુધવારના દિવસે રાજ્યસભામાં આ બિલ પસાર કરવામાં આવ્યું હતું. આજે લોકસભામાં બિલ ઉપર લાંબી ચર્ચા થઈ હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ભાગ લીધો હતો. અન્નાદ્રમુકે જીએસટી બિલ પર મતદાન દરમ્યાન લોકસભામાંથી વોકઆઉટ કર્યો હતો. આ વોટીંગની સૌથી મહત્વપૂર્ણ બાબત એ હતી કે ગૃહમાં વર્તમાન એકપણ સભ્યએ બિલની વિરૂદ્ધમાં મતદાન કર્યું ન હતું. અન્નાદ્રમુકે વોકઆઉટ કર્યા બાદ સંસદના કુલ ૪૪૭ સભ્યો રહ્યા હતા. તમામ સભ્યોની સહમતીથી સુધારવામાં આવેલું જીએસટી બિલ પસાર થઈ ગયું હતું. બિલ પાસ થયા બાદ કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે જીએસટી પાસ થવાની બાબત દેશ માટે ઐતિહાસિક પગલું છે.

જીએસટી પર ચર્ચા થઈ રહી હતી ત્યારે વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આજે ટેક્સ ટેરરીઝમથી મુક્તિ

● અનુસંધાન પાન-૫ પર

## કાશ્મીરના મુદ્દે પરમાણુ યુદ્ધની સલાઉદ્દીનની ભારતને ધમકી

**બુરહાન વાનીના મોત બાદ વિરોધ પ્રદર્શન વચ્ચે ચેતવણી પાકિસ્તાન અને પાકિસ્તાન સમર્થિત ત્રાસવાદીઓ દ્વારા સતત ઉશ્કેરણીજનક નિવેદનો કરાઈ રહ્યા છે**



નવી દિલ્હી, તા. ૮

ખતરનાક ત્રાસવાદી સંગઠન હિજબુલ મુજાહીદીનના લીડર સલાઉદ્દીને ફરી એકવાર ભારતની સામે ઉશ્કેરણીજનક નિવેદન કરીને તમામને ચોંકાવી દીધા છે. ભારત સામે ઝેર ઓકતા સલાઉદ્દીને હવે કાશ્મીર મુદ્દે સીધી રીતે પરમાણુ યુદ્ધની ધમકી આપી દીધી છે. સલાઉદ્દીને કહ્યુ છે કે આના માટે તમામ અમારી પાસે ચે. કાશ્મીરમાં હિજબુલના ત્રાસવાદી બુરહાન વાનીને ઠાર કરી દેવામાં આવ્યા બાદ કાશ્મીર ખીણમાં જોરદાર હિંસાનો દોર ચાલી રહ્યો છે. હિંસાના દોર વચ્ચે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં રહેલા ત્રાસવાદીઓ અને કટ્ટરપંથીઓ તરફથી ઉશ્કેરણીજનક નિવેદન કરવામાં આવી રહ્યા છે.

હિજબુલના લીડર સલાઉદ્દીને દાવો કર્યો છે કે પાકિસ્તાન નૈતિક, રાજકીય અને બંધારણીય સ્તર પર કાશ્મીરમાં ચાલી રહેલા સ્વતંત્રતાના આંદોલનને ટેકો આપવા માટે કટિબદ્ધ છે. સલાઉદ્દીને એમ પણ કહ્યુ છે કે જો પાકિસ્તાન પોતાના તરફથી ટેકો આપે છે તો બન્ને તાકાતો વચ્ચે પરમાણુ યુદ્ધની શકયતા છે. સલાઉદ્દીને કાશ્મીરને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે ચોથા યુદ્ધની ચેતવણી જારી કરી છે.

# પાકિસ્તાન સિવિલ હોસ્પિટલમાં પ્રચંડ બ્લાસ્ટ

**પ્રચંડ બ્લાસ્ટમાં ૭૦થી વધુના મોત : ૧૦૦થી વધુ લોકો ઘાયલ : બલુચિસ્તાન બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ બિલાલ અનવરકાશીની હત્યા બાદ મૃતદેહને સિવિલમાં લવાતા બ્લાસ્ટ**




ઈસ્લામાબાદ,તા. ૮

પાકિસ્તાનના ક્વેટામાં સિવિલ હોસ્પિટલમાં કરાયેલા પ્રચંડ બ્લાસ્ટમાં ઓછામાં ઓછા ૬૦ લોકોના મોત થઈ ગયા છે જ્યારે ૧૦૦થી વધારે લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પાકિસ્તાનના હિંસાગ્રસ્ત દક્ષિણપશ્ચિમ પ્રાંત બલુચિસ્તાનમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ ભારે અફડાતફડી મચી ગઈ હતી. સાક્ષીઓએ કહ્યુ હતુ કે આજે સવારે શહેરમાં જાણીતા વકીલ બિલાલ અનવર કાસીને ઠાર મારી દેવામાં આવ્યા બાદ તેમના મૃતદેહને લઈને મોટા ભાગના વકીલો અને પત્રકારો સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા ત્યારે આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ૫૦થી વધારે લોકો હતા ત્યારે આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. બનાવ બન્યા બાદ ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. પ્રચંડ બ્લાસ્ટના અહેવાલને બલુચિસ્તાનના ગૃહ પ્રધાન સરફરાજ બુગટીએ સમર્થન આપ્યુ હતુ. બ્લાસ્ટ કરવામાં આવે તે પહેલા કાસીની હત્યા કરવામાં આવી હતી.

સમગ્ર ક્વેટામાં હવે ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. પાકિસ્તાનના ક્વેટામાં વારંવાર હુમલાને અંઈજામ આપવામાં આવે છે. સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને પણ વારંવાર હુમલા કરવામાં આવ્યા છે. બલુચિસ્તાન બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખની હત્યા કરવામાં આવી હતી.

## રાજ્યના ૮૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો

**રાજ્યમાં કુલ સરેરાશ વરસાદ ૪૯.૩૫ ટકા : માંડવી, દ્વારકા, ખંભાળીયામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ રાજ્યના ૨૦૩ જળાશયો પૈકી ૨૧ હાઈએલર્ટ પર**

અમદાવાદ, તા.૮

ગુજરાતના ૮૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. આની સાથે રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૪૯.૩૫ ટકા નોંધાઈ ગયો છે. માંડવી, દ્વારકા, ખંભાળીયામાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. બીજી બાજુ રાજયના ૨૦૩ જળાશયો પૈકી ૨૧ હાઈએલર્ટ અને પાંચને એલર્ટ કરવામાં આવ્યા છે.

સરદાર સરોવર, નર્મદા ડેમની જળસપાટી ૧૨૫.૩૮ મીટર સુધી પહોંચી ગઈ છે. આજે પણ ઉત્તર અને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ થયો છે. જે વિસ્તારમાં ભારે વરસાદ થયો છે તેમાં જામનગર, વડોદરા, રાજકોટના ગોંડલ, અમરેલીના બાબરા, ખેડબ્રહ્મા, હિંમતનગરનો સમાવેશ થાય છે. અન્ય તાલુકાઓમાં પણ મેઘમહેર જારી રહી છે. ૨૭થી વધુ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

નવસારી અને જામનગરમાં ઉલ્લેખનિય વરસાદ થયો છે. ખેડબ્રહ્મા, હિંમતનગરમાં એક એક ઈંચ વરસાદ થયો છે. વડોદરામાં બપોર બાદ પવન સાથે વરસાદ શરૂ થયો હતો. રાજકોટના ગોંડલમાં પણ વરસાદ થયો છે.




















